### દાહોદ જિલ્લા પંચાયતની બેઠકો ઉપર મતોના ધ્રુવીકરણથી પરિણામોમાં મોટા ઊલટફેર જોવાશે

# 15 બેઠક પર 'બાપ'ની એન્ટ્રી : હવે 'ચતુષ્કોણીય જંગ'

(પ્રતિનિધિ) દાહોદ તા.14

દાહોદ જિલ્લા પંચાયતની 50 બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરાવાની પ્રક્રિયા પૂર્ણ થતાં અને ફોર્મ ચકાસણી ની પ્રક્રિયા પુર્ણ થતા અને આવતી કાલ ફોમ ખેચવાની પ્રક્રિયા પૂર્ણ થાય તરત જ જિલ્લાનું રાજકીય વાતાવરણ ગરમાઈ જશે અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધા જંગની સાક્ષી રહેલી દાહોદની ધરતી પર આ વખતે 'આમ આદમી પાર્ટી' અને 'ભારતીય આદિવાસી પાર્ટી' (BAP)એ એન્ટ્રી કરતાં સમીકરણો સંપૂર્ણપણે બદલાઈ ગયા છે. ખાસ કરીને 15 જેટલી બેઠકો પર 'બાપ' પાર્ટીએ ઉમેદવારો

ઉતારતાં જંગ હવે ચતુષ્કોણીય બન્યો છે. દાહોદ જિલ્લા પંચાયતની મોટાભાગની બેઠકો પર ત્રિપાંખિયો જંગ છે, પરંતુ આદિવાસી બાહુલ્ય ધરાવતા વિસ્તારોમાં ભારતીય આદિવાસી પાર્ટીના પ્રવેશથી મુખ્ય પક્ષોના મોઢે થોડીક ચિંતાના લિસોટા પડી રહ્યા છે. ભારતીય આદિવાસી પાર્ટીએ જે 15 બેઠકો ઉપર ઉમેદવાર ઉભા રાખ્યા છે ત્યાં મતોનું ધ્રુવીકરણ થવાની પૂરેપૂરી સંભાવના છે. જેની સીધી અસર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોના જીત-હારના માર્જિન પર પડશે. આ ચૂંટણીમાં સૌથી વધુ રસાકસી પીપેરો બેઠક પર જોવા મળી રહી છે.

### 50 બેઠકો પર કયા પક્ષના કેટલા ફોર્મ

ભાજપ- 64, કોંગ્રેસ- 53, આપ-49, બાપ-17, બસપા-01, અપક્ષ-11 ઉમેદવારો મેદાનમાં છે અને એક જ ઉમેદવારે ત્રણે પાર્ટીના મેન્ડેટ મેળવ્યા હતા પરંતુ છેલ્લે ભાજપ ના મેન્ડેડ ઉપર લડવાની તૈયારી રાખી રહ્યો છે તેવી જ રીતે જાલતમાં પણ 8 ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર જામશે. આ બેઠકો પર અપક્ષો અને અન્ય નાના પક્ષો પણ કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. જો કે, આવતી કાલ તા 15મી ફોર્મ ખેચવાની બાદ જ ખરું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

### ફરિયાદી કાયદેસરનું લેણું પુરવાર કરી ન શકતા કરી છોડી મુક્યો

# રૂ. 7 લાખના ચેક રિટર્ન કેસમાં હાલોલ કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો

(પ્રતિનિધિ) કાલોલ તા.14

હાલોલ ખાતે પોતાના ભાઈ પ્રકાશકુમાર સાથે શ્રીજી હેર સલૂન ચલાવતા અમીત ધીરજભાઈ આદ્રોજા શાક માર્કેટ પાસે રહેતા હિતેશકુમાર મહેન્દ્રભાઈ સામે ગાઢ સંબંધો અને મિત્રતા ના નાતે રૂ ૭ લાખ તા ૦૧/૧૧/૨૩ ના રોજ સચીન કાંતિલાલ પટેલ ની હાજરીમાં ઉછીના આપ્યા હોવાનું જણાવી આ રકમ પેટે આરોપીએ આપેલ તા ૦૭/૧૨/૨૩ ના રોજ નો ચેક અપુરતા ભંડોળને કારણે રીટર્ન થતા હાલોલ કોર્ટ મા ફરિયાદ દાખલ કરી હતી જે કેસ ચાલી જતા આરોપી તરફે એડવોકેટ ની દલીલો તેમજ ફરિયાદી તેમજ તેના ભાઈ ઓછા વ્યાજે નાણા મેળવીને વધુ વ્યાજે ધીરધાર કરતા હોય તેમને ત્યા આરોપી ધીરેલા નાણા ની ઉઘરાણી કરવા માટે નોકરી ઉપર રહેલ ત્યારે પોતાની પાસે થી ફરિયાદીએ સિક્યુરિટી પેટે બે ચેક લીધા હોવાનું અને આ ચેકનો ઉપયોગ કરી ખોટી ફરિયાદ કરી હોવાનું જણાવ્યુ હતુ. ફરિયાદીએ ઊલટ તપાસમાં સ્વીકારેલ કે પોતે પોતાના ભાઈ સાથે હેર સલૂન ચલાવે છે અને વાર્ષિક પોણા પાંચ લાખ ની આવક કરે છે.

ઈન્કમટેક્સ ભરે છે તેમજ યુ પી આઈ પણ વાપરે છે. તેમ છતાં ઈન્કમટેક્સ રિટર્ન મા આ રકમ બતાવી નથી પોતે આરોપીને અગાઉ ક્યારે કેટલી રકમ કયા ધંધા માટે આપી તે જણાવતા નથી. પોતે કઈ બેંકમાંથી નાણા ઉપાડી આરોપીને રકમ આપી તે પણ ફરિયાદી જણાવતા નથી. જેની રૂબરૂ આરોપીને નાણા આપ્યા હોવાનુ જણાવ્યું છે તે સચીન કાંતિલાલ પટેલ ને તપાસેલ નથી વધુમાં ફરિયાદીના ભાઈ પ્રકાશકુમાર ધીરજભાઈ આદ્રોજા એ આરોપી સામે રૂ ૬.૫૦ લાખ ની રકમ માટે ચેક રીટર્ન ની ફરિયાદ આજ કારણસર કરી હોવાની વિગત રેકર્ડ પર આવી છે. આમ એક જ હેર સલૂન ચલાવી વાર્ષિક પોણા પાંચ લાખ રૂપિયાની કમાણી કરતા વ્યક્તિ એક સામટા એક જ સમયગાળા દરમિયાન આરોપીને ૧૩.૫૦ લાખની રકમ હાથ ઉછીની આપે તેવી હકીકત રેકર્ડ પર આવી જતા ફરિયાદી નુ લ્હેણુ કાયદેસરનું વસુલ કરી શકાય તેવુ લ્હેણુ ન હોય આરોપી નિર્દોષ છૂટવા હક્કદાર હોઈ હાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ આર બી જોશીએ આરોપી હિતેશકુમાર મહેન્દ્રભાઈ ને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.

# સુરેલી પંચાયત દ્વારા RTI હેઠળ માહિતી આપવામાં અખાડા

(પ્રતિનિધિ) કાલોલ તા.13

સુરેલી ગામમાં ગ્રામ પંચાયતના વહીવટમાં ભ્રષ્ટાચાર-અનિયમિતતાઓ હોવાની આશંકા સાથે એક જાગૃત નાગરિકે માહિતી અધિકાર હેઠળ વિગતો માંગતા પંચાયત આલમમાં ચકચાર મચી ગઈ હતી. ગામના પ્રવીણકુમાર દિલીપસિંહ પટેલે વર્ષ ૨૦૧૬થી આજ દિન સુધીના વિકાસ કામો અને ગ્રાન્ટની ૧૫ જેટલા મુદ્દાઓ પર પ્રમાણિત નકલો માંગી વહીવટને ખુલ્લો પાડવા કમર કસી હતી. અરજદારે ૨૦૧૬થી અત્યાર સુધીના આયોજન પંચ, નાણાપંચ, મનરેગા, ધારાસભ્ય અને સંસદ સભ્યની ગ્રાન્ટ તેમજ લોકફાળાના તમામ કામોની વિગતો માંગી છે. જેમાં ખાસ કરીને વિકાસ કામોના પ્લાન એસ્ટીમેટ, વર્ક ઓર્ડર, મસ્ટર અને MOU ની નકલો. કોન્ટ્રાક્ટરોના નામ-સરનામા અને તેમને કરેલી ચૂકવણીના ચેક નંબર તથા બિલની વિગતો. આવાસ યોજના અને શૌચાલય યોજનાના લાભાર્થીઓની યાદી. પેવર બ્લોકના કામોના ટેન્ડર અને વર્ક ઓર્ડર,ગ્રામસભાના મિનિટ્સ બુક અને હાજરી રજિસ્ટરની નકલો.વપરાયા વિના પરત ગયેલી ગ્રાન્ટ અને કુદરતી આફતમાં અપાયેલી સહાયની વિગત. આ RTI પાછળનું મુખ્ય કારણ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતી 'વ્હાલા-દવલા'ની નીતિ હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### ભાજપે ૪ બેઠકો બિનહરીફ કબજે કરી, કોંગ્રેસમાં સન્નાટો–ચૂંટણી પહેલા જ બદલાયા રાજકીય સમીકરણો

# દાહોદ નગરપાલિકા ચૂંટણીમાં મોટો અપસેટ કોંગ્રેસના ઉમેદવાર લખન રાજગોરનું ફોર્મ રદ

(પ્રતિનિધિ) દાહોદ,તા.14

દાહોદ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી પહેલા જ રાજકારણમાં મોટો ટ્વિસ્ટ સામે આવ્યો છે. ચૂંટણીના માહોલ વચ્ચે કોંગ્રેસ માટે ઝટકો અને ભાજપ માટે બૂસ્ટ સમાન ઘટના બની છે. ભાજપે આ વખતે રીપીટ થિયરી અપનાવતા ઘણા જૂના અને દિગ્ગજ કાઉન્સિલરોની ટિકિટ કાપી દીધી હતી. જેના પગલે વોર્ડ નંબર ૧ ના પ્રભાવશાળી નેતા લખનભાઈ લાલાભાઈ રાજગોર સહિત અનેક ભાજપના કાઉન્સિલરોએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો. કોંગ્રેસ, જે પહેલા ઉમેદવારો મેળવવામાં મુશ્કેલી અનુભવી રહી હતી, તેને ભાજપમાંથી આવેલા નેતાઓને કારણે નવજીવન મળ્યું હતું. પાર્ટીએ તમામ



દિગ્ગજોને ટિકિટ ફાળવી અને સમગ્ર ચૂંટણીનો ભાર પણ લખનભાઈ રાજગોર પર મૂક્યો હતો. પરંતુ ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન જ રાજકારણમાં મોટો ઝટકો લાગ્યો છે. વોર્ડ નંબર ૧ ના દિગ્ગજ ઉમેદવાર લખનભાઈ રાજગોરનું ઉમેદવારી પત્ર ટેકનિકલ કારણોસર રદ થતાં કોંગ્રેસ ખેમામાં સન્નાટો છવાઈ ગયો છે. આ ઘટનાએ માત્ર કોંગ્રેસ માટે નહીં પરંતુ સમગ્ર દાહોદના રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. બીજી તરફ ભાજપે ચૂંટણી પહેલા જ ચાર બેઠકો બિનહરીફ કબજે કરી લીધી છે, જેને કારણે ભાજપના ખેમામાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

હવે આ અચાનક આવેલા રાજકીય વળાંકથી ચૂંટણીના સમીકરણો સંપૂર્ણ બદલાઈ ગયા છે. જે ચૂંટણી અત્યાર સુધી નીરસ લાગી રહી હતી, તેમાં હવે ગરમાવો આવી ગયો છે. આગામી દિવસોમાં આ રાજકીય પલટો કઈ દિશામાં જાય છે, તે જોવું મહત્વપૂર્ણ રહેશે.

### ભાજપ પરિવાર તથા સંગઠન સાથે જોડાયેલા કાર્યકરો દ્વારા ભવ્ય ઉજવણી

# ઝાલોદમાં ડૉ. બાબાસાહેબની 135મી જન્મજયંતિની ઉજવણી

(પ્રતિનિધિ) ઝાલોદ તા.14

ઝાલોદના આંબેડકર ચોક ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની 135મી જન્મજયંતિ નિમિત્તે ભાજપ પરિવાર તથા સંગઠન સાથે જોડાયેલા કાર્યકરો દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી. મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકોએ બાબાસાહેબની પ્રતિમાને માલ્યાર્પણ અને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી.

કાર્યક્રમ દરમિયાન દેશભક્તિના ગીતોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું અને "બાબાસાહેબ આંબેડકર અમર રહો" જેવા નારાઓ સાથે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. કાર્યકરોએ ભાજપના ખેસ ધારણ કરી એકતા



અને સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો. આ પ્રસંગે વ્યાપારી મિત્રો તેમજ હાજર પોલીસ કર્મચારીઓએ પણ પ્રતિમાને માલ્યાર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી, જેના કારણે કાર્યક્રમમાં સર્વ સમાજની ભાગીદારી જોવા મળી.

# પાવાગઢ રોડ પર કપીરાજને અકસ્માત, રેસ્ક્યૂ કરાયું

(પ્રતિનિધિ) હાલોલ,તા.14

હાલોલ તાલુકાના પાવાગઢ રોડ પર આવેલ ધોબીકુવા રામ ટેકરી પાસે સાજના ૭ વાગ્યા ના અરસામા સિદ્ધાંત જીવદયા ટીમ મેમ્બર પિન્ટુભાઈ પર કોલ આવ્યો અને જાણ થતા પિન્ટુભાઈ હાર્દિકભાઈ સ્થળ પર જઈ જોયુ તો કપીરાજ નુ મરણ હાલત શરીર પડેલ હતુ તો તેજ સમયે હાલોલ રેન્જ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ના આર.એફ.ઓ ચંદ્રીકાબેન ચૌધરી ને જાણ કરી અને તુરંત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ



ના બાબુભાઈ રાઠવા સ્થળ પર આવ્યા અને મરણ પામેલ કપીરાજ ને આર.એફ.ઓ ચંદ્રીકાબેન ચૌધરી ના નિર્દેશન અને માર્ગદર્શન મુજબ ધોબીકુવા રેસ્ક્યુ સેન્ટર મા લાવી તેમના શરીર ની અંતિમ ક્રિયા વિધિ અનુસાર કરી.

### બાબા સાહેબના વિચારો આજે પણ સમાજ માટે પ્રેરણા સ્ત્રોત

# સુખસર ખાતે ડૉ.ભીમરાવ આંબેડકરની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) સુખસર,તા.14

સુખસર ખાતે આજરોજ 14 એપ્રિલના રોજ ભારતના બંધારણના ઘડવૈયા અને મહાન સામાજિક સુધારક ડૉ.બાબા સાહેબ ભીમરાવ આંબેડકર ની 135 મી જન્મ જયંતી નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે દલિત સમાજના સ્થાનિક આગેવાનો, સામાજિક કાર્યકર ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત ડૉ.બાબા સાહેબ ભીમ રાવ આંબેડકરની છબીને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.ઉપસ્થિત મહાનુભાવોએ તેમના જીવન કાર્ય, સમાનતા,ન્યાય તથા બંધારણીય મૂલ્યો અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવન સંઘર્ષ,દેશ માટેની તેમની લડત




અને ભારતીય સંવિધાનના ઘડતરમાં તેમના અમૂલ્ય યોગદાન ને યાદ કર્યું હતું.ઉપસ્થિત લોકોએ સંવિધાનના મૂળભૂત સિદ્ધાંતો જેવા કે સમતા,બંધુતા અને ન્યાય વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

### ટીકીટ કપાતા જ પૂર્વ પ્રમુખ અનિતાબેન આક્રમક બન્યા, પક્ષ સામે બાંયો ચઢાવી

# ઝાલોદ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખનો બળવો, અપક્ષ દાવેદારી

(પ્રતિનિધિ) ઝાલોદ તા.14

ઝાલોદ તાલુકા પંચાયતની આગામી ચૂંટણી પૂર્વે જ રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન કુલ ૧૧૩ ફોર્મમાંથી ૩૫ ફોર્મ અમાન્ય ઠર્યા હતા, જ્યારે ૭૮ ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે. જોકે, આ આંકડાકીય માથાકૂટ વચ્ચે સૌથી મોટા સમાચાર ભાજપના આંતરિક જૂથવાદ અને બળવાખોરીના સ્વરૂપે સામે આવ્યા છે. ભાજપના સંગઠન મંત્રી અને ઝાલોદ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અનિતાબેને મછારે પક્ષ સામે બાયો ચડાવીને મૂનખોસલા બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવતા કેસરિયો છાવણીમાં દોડધામ મચી ગઈ છે. ભાજપના સંગઠન મંત્રી હોવા છતાં પક્ષ દ્વારા મૂનખોસલા બેઠક પરથી તેમની ટિકિટ કાપવામાં આવતા તેમણે આકરો નિર્ણય લીધો છે. પક્ષના આ નિર્ણયથી નારાજ અનિતાબેને અપક્ષ તરીકે મેદાનમાં ઉતરીને પક્ષને સીધો પડકાર ફેંક્યો છે. સ્થાનિક રાજકારણમાં આ વિષય ટોક ઓફ ધ ટાઉન બન્યો છે, કારણ કે તેમના આ પગલાથી ભાજપની જીતનું ગણિત બગડી શકે તેમ છે. ચકાસણીમાં ૩૫ ફોર્મ રદ થતા હવે મેદાનમાં ૭૮ ઉમેદવારો બચ્યા છે. જોકે, ભાજપ માટે અત્યારે સૌથી મોટો પડકાર પૂર્વ પ્રમુખ અનિતાબેનને મનાવવાનો છે. જો તેઓ પોતાની ઉમેદવારી પાછી નહીં ખેંચે તો મૂનખોસલા બેઠક પર ભાજપના સત્તાવાર ઉમેદવાર માટે કપરા ચઢાણ સાબિત થશે.

## પાદરા ખાતે શ્રીમદ્ ભાગવત પારાયણનો ભવ્ય મહોત્સવ યોજાશે

પાદરા : પાદરા રંગ પરિવાર દ્વારા પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય રંગ અવધૂત મહારાજ ની અસીમ કૃપાથી તથા પૂજ્ય ડોંગરેજી મહારાજ ના શતાબ્દી વર્ષના સુયોગે ૨૫૦ શ્રીમદ્ ભાગવત (ભાગવત રસામૃત) નું નવાહ્ન (૯ દિવસીય) સમૂહ પારાયણ યોજાશે. આ કાર્યક્રમનો પ્રારંભ તા. ૧૮ મે ૨૦૨૬ (સોમવાર)ના રોજ સવારે ૮:૦૦ વાગ્યે થશે અને તા. ૨૬ મે ૨૦૨૬ (મંગળવાર) સુધી કુલ ૯ દિવસ સુધી વિવિધ ધાર્મિક વિધિઓ સાથે યોજાશે.

### પક્ષપાત, જ્ઞાતિના વાળા છેડા ભૂલી સમગ્ર વાલ્મિકી સમાજ એક થાયની હાંકલ કરાઇ

# પંચમહાલ દલીત સમાજ દ્વારા બાબા સાહેબ આંબેડકર જયંતીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) કાલોલ તા.14

કાલોલ ખાતે સમગ્ર દલિત સમાજ અને પંચમહાલ જિલ્લા વાલ્મિકી સમાજ દ્વારા બાબાસાહેબની પ્રતિમાને પુષ્પગુચ્છ અર્પણ કરી એમની ભવ્ય જન્મ જયંતી ઉજવવામાં આવી ખૂબ જ મોટી સંખ્યામાં પંચમહાલ જિલ્લાના વાલ્મિકી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા પક્ષપાત, જ્ઞાતિના વાળા છેડા ભૂલી સમગ્ર વાલ્મિકી સમાજ એકત્ર થઈ સુત્રોચાર પણ કર્યા હતા. એક જ



સાહેબ બાબાસાહેબ, બાબા સાહેબ અમર રહો જેવા ગગનચુંબી ભવ્ય નારાઓ સમાજે લગાવ્યા હતા. જેમાં પંચમહાલ જિલ્લા વાલ્મિકી સમાજ પ્રમુખ પરસોત્તમભાઈ,હાઈ પાવર કમિટીના અધ્યક્ષ કિરણભાઈ, મહામંત્રી ભરતભાઈ માસ્તર ,રમેશભાઈ તલાટી,દેલોલના મનોજભાઈ, હાલોલ ના આગેવાન નવીનભાઈ, કાલોલ આગેવાનોમાં મુકેશભાઈ,ડોક્ટર સુનિલ સોલંકી, પ્રમોદભાઈ નાગર, કનેટીયાના ખજાનચી જતીનભાઈ,ખરસલીયાના વકીલ દિનેશભાઈ,કાલોલ તાલુકા પ્રમુખ સંજયભાઈ વણકર,શહેરના પ્રમુખ કંચનભાઈ અને મોટી સંખ્યામાં પંચમહાલ જિલ્લા અને કાલોલ તાલુકાના આગેવાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી બાબા સાહેબના વિચારોને આગળ વધારવા, સમગ્ર દલિતોને આ આગેવાનોએ પ્રોત્સાહિત કર્યા હતા.

# દાહોદમાં ડો.બાબાસાહેબની જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમો

(પ્રતિનિધિ) દાહોદ તા.14

ભારત રત્ન ડો બાબા સાહેબ આંબેડકર ની 135 મી જન્મ જયંતી નિમિત્તે ભીમ યોદ્ધા ગ્રુપ દાહોદ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભવ્ય ભીમયાત્રા રક્તદાન શિબિર, તેમજ મહાત્મા જ્યોતિબા ફૂલે ના પિક્ચર નું નિર્દેશન કરવામાં આવ્યું હતું રક્તદાન શિબિરમાં ડો. બાબા સાહેબ આંબેડકર નું ઋણ ચુકવવાની ભાવના સાથે રાષ્ટ્રસેવા ને સમર્પિત 30 જેટલા વ્યક્તિઓએ રક્તદાન કર્યું હતું ભવ્ય ભીમયાત્રાના આયોજનમાં બાઈક રેલી સ્વરૂપે દાહોદ નગરમાં ગોદી રોડ થઈ સ્ટેશન વિસ્તાર સ્વામી વિવેકાનંદ સર્કલ થઈ ભગીની સમાજ પાસે શ્રી ક્રાંતિવીર બિરસમુંડા ની પ્રતિમા ને માલ્યાઅર્પણ કરી બિરસમુંડાસર્કલ થી બાબા સાહેબ આંબેડકર ના પ્રતિમા ને માલ્યાર્પણ પણ કરી સરદાર પટેલ સાહેબ ની પ્રતિમા ને માલ્યાર્પણ કરી શ્રીકૃષ્ણ પ્રણામી ચોક દાહોદ મુકામે રેલી નું સમાપન થયેલ શિક્ષણના પ્રખર હિમાયતી અને 19 મી સદીના ચિંતક અને ક્રાંતિકારી લેખકમહાત્મા જ્યોતિબાફૂલે ની સમાજસેવા ની સંઘર્ષગાથા થી સૌ પરિચિત થાય તે હેતુ થઈ ફૂલે પિક્ચર નું નિર્દેશન કરાયું હતું.

## પાદરા ખાતે શ્રીજી કોમ્પ્લેક્ષમાં નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન

પાદરા : પાદરા ના મરચા ગલી સામે આવેલ શ્રીજી કોમ્પ્લેક્ષ ના રહીશો દ્વારા ચૈત્રી માસ અંતર્ગત નવચંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ યજ્ઞમાં કુલ ૧૫ યુગલોએ ભાગ લઈને પૂજા વિધિનો લાભ લીધો હતો. આજરોજ વહેલી સવારથી જ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા યજ્ઞ વિધિ શરૂ કરવામાં આવી હતી. દિવસ દરમ્યાન યુગલો દ્વારા શ્રદ્ધાભેર પૂજન કરવામાં આવ્યું હતું.

### 15 જાન્યુઆરી 2026 થી શરૂ થયેલો નર્વાણ મંત્ર યજ્ઞ આહુતિ અનુષ્ઠાન

# પાવાગઢ ખાતે 24 કરોડ નર્વાણ મંત્ર અનુષ્ઠાન આહુતિ યજ્ઞ 76 દિનમાં પૂર્ણ

(પ્રતિનિધિ) હાલોલ તા.14

સુપ્રસિદ્ધ યાત્રા ગામ ખાતે ચાલી રહેલ 24 કરોડ નવાર્ણ મંત્ર ની યજ્ઞમાં આહુતિઆજ રોજ શ્રી કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા પૂર્ણ કરાય ત્યારે ટ્રસ્ટ દ્વારા શિવ મહારુદ્ર યજ્ઞ અનુષ્ઠાન 33 દિવસમાં પૂર્ણ કરવાનો સંકલ્પ લીધો. પાવાગઢ યાત્રાધામ ખાતે 15 જાન્યુઆરી 2026 થી શરૂ થયેલો 24 કરોડ નર્વાણ મંત્ર યજ્ઞ આહુતિ અનુષ્ઠાનમાં રાજ્ય અને દેશના વિવિધ શહેરો અને જિલ્લાઓમાંથી ભક્તો મોટી સંખ્યામાં પાવાગઢ પહોંચ્યા અને રાત-દિવસ ચાલતી આ ભવ્ય ધાર્મિક કૃતિમાં ઉત્સાહભેર જોડાયા અને આહુતિનો લાભ લીધો.



# ફિફા વર્લ્ડ કપ 2026નો ઉત્સાહ ભારતના ચાહકો સુધી પહોંચ્યો

વડોદરાઃ ડિજિટલ ચુકવણી ક્ષેત્રમાં અગ્રણી સંસ્થા વિઝા અને ભારતની અગ્રણી ખાનગી ક્ષેત્રની બેન્કોમાંની એક એચડીએફસી બેન્કે ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ને ધ્યાનમાં રાખીને વિશેષ પહેલની જાહેરાત કરી છે. આ પહેલ અંતર્ગત મર્યાદિત આવૃત્તિનું ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ થીમ આધારિત પિક્સેલ ક્રેડિટ કાર્ડ તેમજ દેશવ્યાપી "ખર્ચ કરો અને ઈનામ મેળવો" અભિયાન શરૂ કરવામાં આવ્યું છે, જેના માધ્યમથી ભારતીય ચાહકોને વિશ્વના સૌથી મોટા ફૂટબોલ મહોત્સવ સાથે વધુ નજીકથી જોડાવાની તક મળશે. મુંબઈમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન આ પહેલ જાહેર કરવામાં આવી હતી, જેમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિના ફૂટબોલ ખેલાડી માઈકલ ઓવેન હાજર રહ્યા હતા. આ પહેલ હેઠળ બેન્કના ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, વ્યવસાયિક કાર્ડ અને વિદેશી ચલણ પૂર્વચુકવણી કાર્ડ ધરાવતા ગ્રાહકોને પસંદગીના ખર્ચ પર ફિફા વર્લ્ડ કપ મેચ પેકેજ, સત્તાવાર સ્મૃતિચિહ્નો તેમજ ખરીદી અને જીવનશૈલી સંબંધિત વાઉચર જીતવાની તક મળશે. આ પહેલ દ્વારા રોજિંદા ડિજિટલ ચુકવણીઓને રમતના ઉત્સાહ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.